# પેપરલીક પ્રકરણ : સાબરકાંઠા પોલિસ દ્વારા ૮ જણની પૂછપરછ, ૬ જિલ્લામાં તપાસનો દોર

## ગૃહમંત્રી દ્વારા તપાસના આદેશ અપાતાં પોલિસ દોડતી થઈ : અનેક નામચીન માથાઓની સંડોવણીની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત સપ્તાહે યોજાયેલ હેડ ક્લાર્કની પરીક્ષાનુ પેપર લીક થવા બાબતની ફરીયાદ પછી સાબરકાંઠા પોલિસ દ્વારા ૮ જણની પૂછપરછ કરવામાં આવી છે. ગાંભોઈ વિસ્તારના એક ડ્રાઈવરને પણ પૂછપરછ માટે બોલાવ્યાની ચર્ચાથી પેપર લીક પ્રકરણના તાર વધુ મજબૂત હોવાની આશંકા સેવાય છે. ગૃહમંત્રી દ્વારા તપાસના આદેશ પછી પોલિસ દોડતી થઈ છે. આક્ષેપ કરનારાએ આપેલા વાહન પૈકી એક વાહન પ્રાંતિજ-હિંમતનગર હાઈ વે પરથી બિનવારસી મળી આવતાં હવે સરકાર પણ આ મુદ્દે ગંભીર બની હોય તેવું જણાઈ રહ્યું છે. અનેક નામચીન માથાઓની સંડોવણીની આશંકા છે. પોલિસે પૂછપરછ કરી પરંતુ કયા ફાર્મ હાઉસ ઉપર લીક પેપર સોલ કરવામાં આવ્યું હતું તેની વિગતો ઉજાગર થઈ નથી. તે જોતાં અનેક અટકળો ચાલી રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા જ્યારે જ્યારે ભરતી કરવામાં આવે છે ત્યારે મોટાભાગે પેપરલીકની ઘટનાઓ પ્રકાશમાં આવતાં રાજ્ય સરકાર અને ખાસ કરીને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે. ગત સપ્તાહે યોજવામાં આવેલ હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપર લીક કરી ઉમેદવાર દીઠ રૂા.૧૦ થી ૧૨ લાખ ઉઘરાવ્યાના યુવરાજસિંહ જાડેજાએ આરોપ લગાવ્યા પછી કેટલાંક પુરાવા ન્યૂઝ ચેનલના માધ્યમથી રજુ કરતાં બેરોજગાર ઉમેદવારોમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કાર્યપ્રણાલી સામે તમામ ૩૩ જિલ્લાઓમાં રોષ વ્યાપ્યો છે. જો પેપર લીક થયું હોય તો સરકાર દ્વારા લીક કરનારા સામે યોગ્ય પગલાં નહિ ભરાય તો આગામી વિધાનસભાની ચુંટણીમાં પણ આ મુદ્દો ભાજપ માટે મુશ્કેલી પેદા કરી શકે છે. પેપર લીકની ઘટનાથી ગંભીર બનેલા રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સ્થિતિને પારખીને તુરંત તપાસના આદેશ આપતા તેની પણ ઉમેદવારોએ નોંધ લીધી છે અને ૬ જિલ્લામાં પરીક્ષા યોજવામાં આવી હોવાથી આવા જિલ્લાઓમાં તપાસ શરૂ કરવામાં આવી છે. અત્યારે તો પેપર લીક પ્રકરણનું એપી સેન્ટર સાબરકાંઠા અને ત્યાર બાદ ગાંધીનગર જિલ્લો હોવાથી પોલિસનાં ધાડેધાડાં તપાસમાં ઉમટી પડ્યા છે.

### કોંગ્રેસને દોડવું હતું ને ઢાળ મળ્યો

બાયડ તા.૧૬

ગુજરાતમાંથી કોંગ્રેસ ૨૪ વર્ષથી સત્તાની બહાર ફેંકાયેલી છે. તાજેતરમાં લાંબા સમય પછી કોંગ્રેસને નવા પ્રદેશ પ્રમુખ મળ્યા છે. જેથી કોંગ્રેસના કેટલાંક કાર્યકરોમાં થોડો ઘણો ઉત્સાહ જોવા મળ્યો પરંતુ છેલ્લા બે દિવસથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવામાં આવેલ હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપર લીક થયાનો મામલો બહાર આવતા કોંગ્રેસના નેતાઓ મેદાનમાં આવી ગયા છે અને ભાજપ સરકાર તેમજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સામે મોરચો માંડ્યો છે. અત્યારે તો કોંગ્રેસને દોડવું હતું ને ઢાળ મળ્યો તેવી સ્થિતિ આવી પડી છે.

### જન્મદિને વધામણી



દીપ રાજેશભાઈ સોની
બાયડ

ઠંડી વધે એટલે ભૂકંપનો આંચકો આવે..!! માન્યતા સાચી ઠરશે

# ઉત્તર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ, લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી

### પરોઢે પ્રજા ગરમ વસ્ત્રોમાં લપેટાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

દેશના કેટલાક વિસ્તારોમાં હીમવર્ષાના કારણે ઉત્તર ગુજરાતમાં ફરીથી હાડથીજવતી ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીથી નીચે જતાં ગત રાત્રિથી પ્રજા ગરમવસ્ત્રોમાં લપેટાઈ છે. ઉત્તર ગુજરાતમાં ઠંડીનું જોર વધે એટલે ભૂકંપનો આંચકો આવે તેવી માન્યતા ફરીથી સાચી ઠરશે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.

હાડથીજવતી ઠંડીના કારણે રવી ખેતીને ભરપૂર ફાયદો થવાની સાથે ઉત્તર ગુજરાતની પ્રજા પ્રથમવાર ઠંડીનો ચમકારો અનુભવતી હતી પરંતુ ત્યારબાદ ૫ દિવસની મેરેથોન ઠંડી ઉપર બ્રેક વાગી અને તાપમાનનો પારો ઉંચકાતાં ધરતીપુત્રો ફરીથી ચિંતિત બન્યા હતા. ઉત્તરભારત સહિત અનેક વિસ્તારોમાં ભારે હીમવર્ષાના કારણે હવામાન વિભાગે કાતિલ ઠંડીની આગાહી કરી હતી. ગત સમી સાંજથી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાનું જનજીવન જાણે કે બરફની પાટ ઉપર આવી ગયું હોય તે રીતે ઠંડીનો ચમકારો અનુભવાતો હતો. સાંજ ઢળતાં જ ગામ અને શહેરી વિસ્તારમાં બજાર-રસ્તા સૂમસામ જોવા મળ્યા હતા. જ્યારે ગુરૂવારે પણ સવારથી જ ઉત્તર ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીથી પણ નીચે જતાં ઠંડીની તિવ્રતાએ ખેડૂતોએ મલકાવી દીધા છે. કેટલાક વિસ્તારોમાં ઠંડા પવનોના કારણે ઠંડીનો વધુ પ્રભાવ જોવા મળ્યો છે. આગામી ૨-૩ દિવસ ઠંડીનું જોર રહેશે તેવી સંભાવના વ્યક્ત થઈ છે.




હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર દ્વારા ગુરુવાર ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રેડક્રોસ સોસાયટી, હિંમતનગર ખાતે રાખેલ જેમાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમિત્રો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવેલ. કોલેજ ના કા.આચાર્ય ડૉ બિનલબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ જયપ્રકાશભાઈ જાની તેમજ જાનકીબેન રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફના સાથ અને સહકારથી કાયેકમ સફળ રહ્યો હતો.

# જુના ઉંટરડા પ્રાથમિક શાળાના આચાર્ય સામે મહિલા શિક્ષિકાની માનસિક ત્રાસ આપ્યાની ફરીયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકાની જુના ઉંટરડા પ્રાથમિક શાળાના ઉ.શિક્ષિકા જાગૃતિબેન

**જિલ્લા શિક્ષણાધિકારી સહિત વિભાગને લેખીત ફરીયાદ કરી, અન્ય શિક્ષકો ગેરહાજર હોવા છતાં મસ્ટરમાં હાજરી પુરવાની છુટ..!**

રમણભાઈ પટેલે શાળાના આચાર્ય પંકજભાઈ દાજીભાઈ પટેલ સામે માનસિક-શારીરિક ત્રાસ આપતા હોવાની અને અન્ય શિક્ષકો ગેરહાજર હોય છતાં બીજા દિવસે મસ્ટરમાં તેમની હાજરી પુરાવતા હોવાનો સનસની ખેજ આક્ષેપ કરી જિલ્લા શિક્ષણાધિકારી સહિત વિભાગને લેખીત ફરીયાદ કરતા ચકચાર મચી છે. બાયડ તાલુકામાં કોઈપણ શિક્ષક સામે માનસિક ત્રાસ આપતો હોવાની ત્રીજી ફરીયાદ હોવાનું જાણકાર સુત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના અમિયાપુરના જાગૃતિબેન પટેલ જુના ઉંટરડા પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. તેઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, શિક્ષણમંત્રી અને આંબલિયારા પોલિસને લેખીત ફરીયાદ કરી છે કે શાળાના આચાર્ય અન્ય શિક્ષકો રજા પર રહે ત્યારે અન્ય શિક્ષકોનો રજા રીપોર્ટ લેતા નથી અને મારો રજા રીપોર્ટ લેવામાં આવે છે જ્યારે બીજા દિવસે રજા રીપોર્ટ મુકનારા શિક્ષકોની મસ્ટરમાં સહીઓ હોય એટલે આ અંગે મેં પૂછતાં તેઓ ઉશ્કેરાઈ જતાં હતા અને કહેતા હતા કે હું શાળાના આચાર્ય છું. તુ શાળાની આચાર્ય નથી અને તારે નોકરી કરવી હોય તો બોલવાનું નહિ, નહિતર તારે નોકરી કરવાનું ભારે પડશે અને તારે નોકરી છોડી જવું પડશે તેવી ધમકી આપી શારીરિક માનસિક ત્રાસ આપી રહ્યા છે.જ્યારે મહિલા શિક્ષકે આચાર્ય સામે અન્ય શિક્ષક રજા પર હોવાના પુરાવા રજુ કર્યા છે અને તેમ છતાં તેમની મસ્ટરમાં કોઈ રજા મુકેલ નથી, માત્ર ૩ રજા રીપોર્ટ મુક્યા છે. જો આ મામલે તપાસ થશે તો ગેરહાજર રહેતા શિક્ષકોની પાછલા બારણે હાજરી પુરવાની સાજીશ પણ પ્રકાશમાં આવી શકે છે. જોકે મહિલા શિક્ષિકાના માનસીક ત્રાસના આરોપમાં કેટલું તથ્ય છે તે તપાસ પછી જ બહાર આવશે. શાળાના આચાર્ય દ્વારા વ્હાલા-દવાલાની નીતિ અપનાવામાં આવે ત્યારે આવી અનેક પ્રકારની વિગતો બહાર આવતી હોય છે. લંકા નગરી સળગી તેમાં વિભિષણની ભૂમિકા મહત્વની હતી. શિક્ષણ વિભાગે આ અંગે યોગ્ય તપાસ કરવી રહી.

### મુખ્ય શિક્ષક ખોટું ચલાવતાં નથી: સાર્વત્રિક અભિપ્રાય

બાયડ તા.૧૬

જુના ઉંટરડા પ્રાથમિક શાળાના એક શિક્ષિકાએ શાળાના એચ-ટાટ મુખ્ય શિક્ષક સામે માનસીક ત્રાસ આપવો અને અન્ય શિક્ષકો ગેરહાજર હોવા છતાં બીજા દિવસે મસ્ટરમાં સહિ કરાવતાં હોવાના આરોપ સાથે વિભાગમાં લેખીત ફરીયાદ કરી છે ત્યારે કેટલાંક સ્થાનિકોના જણાવ્યા અનુસાર મુખ્ય શિક્ષક ખોટું ચલાવતા નથી તેવો સાર્વત્રિક અભિપ્રાય સાંભળવા મળી રહ્યો છે. તેમ છતાં તપાસના અંતે દૂધનું દૂધ અને છાશની છાશ જેવી વિગતો બહાર આવશે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

### પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ લોકોને બ્લેકેન્ટનું વિતરણ

ધનસુરા, તા. ૧૬

ધનસુરા ના પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ લોકો ને બ્લેકેટ નુ વિતરણ કરવામાં આવ્યું હતું પ્રયાસ ગ્રુપ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૫ માં વર્ષે ધનસુરા ગ્રામ પંચાયત ના સફાઈ કર્મીઓ તેમજ ધનસુરાના આસપાસ ના વિસ્તારોમાં જરૂરતમંદ લોકો ને બ્લેકેટ નુ વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્ય માં પ્રમુખ આનંદ પટેલ, મહામંત્રી રાજેશ વાઘેલા, કોશાધ્યક્ષ જીતુ ચોપડા,ઉપપ્રમુખ જીજ્ઞેશ પ્રજાપતિ મંત્રી જય જોશી હાજર રહ્યા હતા.

ભેંસો ખરીદવા આપેલ હાથ ઉછીનાં નાણાંના મામલો

# પ્રાંતિજ ખાતે ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષની જેલની સજા તથા ૨.૪૦ લાખનો દંડ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજની એડીશનલ જ્યુડિશિયલ કોર્ટે ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ અને બે લાખ ચાલીસ હજારનો દંડ ફટકાર્યો છે.

પ્રાંતિજ તાલુકાના તાજપુરકૂઈ ગામના રાજેન્દ્રસિંહ ગંભીરસિંહ ઝાલાને પ્રાંતિજના ભવનેશકુમાર જીતેન્દ્રભાઈ પંડ્યા સાથે વર્ષોથી અંગત અને વિશ્વસનીય સંબંધ હતા દરમ્યાન રાજેન્દ્રસિંહે રૂપિયા અઢી લાખની ભેંસો વેંચાણ રાખી હતી જેમા તેઓ પાસે રૂપિયા એક લાખ હતા જ્યારે બાકીના રૂ. દોઢ લાખ ભવનેશકુમાર પાસેથી હાથ ઉછીના માંગ્યા હતા ભવનેશકુમારે તેઓ વચ્ચેના સંબધો ધ્યાને રાખી તા.૧૨-૧૦-૨૦ ના રોજ રૂ.દોઢ લાખની સગવડ કરી રાજેન્દ્રસિંહને એક મહિનાના વાયદે હાથ ઉછીનાં તરીકે આપ્યાં હતાં.

દરમ્યાન તા.૨૫-૧૦-૨૦ના રોજ રાજેન્દ્રસિંહ પાસે સગવડ થતાં તેઓએ ભવનેશકુમારને રૂપિયા ૩૦ હજાર ચૂકવી આપ્યાં હતાં જ્યારે બાકીની રકમ તા.૧૨-૧૧-૨૦ના રોજ ચૂકવવાનો વયદો કરી રાજેન્દ્રસિંહે તે રોજનો એચ.ડી.એફ.સી. બેંક પ્રાંતિજ શાખાનો રૂ.૧,૨૦,૦૦૦નો પોતાના ખાતાનો ચેક ભવનેશકમારને આપ્યો હતો જે ચેક બેંકમાં રજુ થતા 'અપૂરતા ભંડોળ'ને કારણે પરત થતાં રાજેન્દ્રસિંહને નોટીસ આપી હતી તેમ છતાં તેઓએ હાથ ઉછીની આ રકમ પરત ન કરતાં ભવનેશકુમાર જીતેન્દ્રભાઈ પંડ્યાએ રાજેન્દ્રસિંહ ઝાલા વિરુદ્ધ પ્રાંતિજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી જે કેસમાં ફરિયાદી ભવનેશકુમાર તરફે એડવોકેટ ખાલીદભાઈ કારકુને સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાનો આધાર ટાંકી ધારદાર દલીલો કરતાં તેઓની દલીલો ધ્યાને લઈ પ્રાંતિજના એડીશનલ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ બી.જી.સોલંકીએ આરોપી રાજેન્દ્રસિંહ ગંભીરસિંહ ઝાલાને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા ૨,૪૦,૦૦૦ દંડ ફટકાર્યો હતો તે દંડની રકમ માંથી રૂપિયા.૧,૨૦,૦૦૦ ફરિયાદી ભવનેશકુમાર પંડ્યાને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે.

ભિલોડાના રેતી કપચીના વેપારીના રૂપિયા ૬૫ લાખના વાહનોનો મુદ્દામાલ

# અરવલ્લી જીલ્લાના ડીવાયએસપી સહિત સ્ટાફે સઘન તપાસ દરમ્યાન રીકવર કર્યો

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા નવી વસવાટના રહેવાસી રહેમત ખાન મુનીરખાન મકરાણીએ કોરોના વાઈરસની મહામારી દરમ્યાન ધંધા રોજગાર પડી ભાગતા તેઓના ૬૫ લાખ રૂપિયાના વાહનો જેવા કે જે.સી.બી નંગ ૨ , સ્વરાજ ટ્રેક્ટર નંગ ૨ , ડંપર નંગ ૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના દલાલ મારફતે આશરે છ મહિના પહેલા જુનાગઢના દલાલ ને વેચાણ આપ્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે દલાલોએ સમયસર વાયદા મુજબ રૂપિયા ભિલોડાના વેપારીને પરત ના આપી વેપારી સાથે છેતરપીંડી, વિશ્વાસ ઘાત કર્યો હતો.

ભિલોડા નવી વસવાટના રહેવાસી રહેમતખાન મુનીરખાન મકરાણીએ વાહનો વેચાણ રાખનાર અને દલાલો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી, વિશ્વાસઘાત આચરનાર ઈસમોના



નામ નીચે મુજબ છે.

(૧) મુન્નાભાઈ ઈબ્રાહીમ ભાઈ ચંદાણી ઉર્ફે (મુન્ના મીર) રહેવાસી.જુનાગઢ

(૨) ફારૂકમીયા મહેમુબ મીયા કાઝી રહેવાસી. હિંમતનગર

(૩) ઈમરાન એમ. છીપા રહેવાસી.હિંમતનગર ના ઈસમ વિરુદ્ધ વેપારીએ

પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે આ બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લાના બાહોશ DY.S.P ભરત બસીયા સહિત પોલીસ સ્ટાફ દ્વારા સઘન તપાસ દરમ્યાન મુંબઈ, જામનગર, જુનાગઢ સહિત અનેક વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.મોરબી જીલ્લાના નીચી માંડલ ગામમાંથી તપાસ દરમ્યાન ૬૫ લાખના વાહનો નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે આ બનાવ સંદર્ભે ઝીણવટભરી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડાના વેપારી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત આચરનાર ઈસમ જુનાગઢનો રહેવાસી મુન્નાભાઈ ઈબ્રાહીમ ચંદાણી,ઉર્ફે મુન્ના મીર ગુનાહિત પ્રવૃત્તિઓ કરવામાં માહેર છે.ગુજરાત રાજ્યના અનેક જીલ્લાઓમાં અનેક પ્રકારના ગુનાઓ આચાર્યા છે.

હત્યા,આમ્સ એકટ, છેતરપીંડી, વિશ્વાસઘાત, ઠગાઈ, અપહરણ, પોલીસના કબજામાંથી આરોપીઓ ભગાડવા સહિત અનેક પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ છે.

### દુઃખદ અવસાન



બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા જાણીતા બિલ્ડર મયુરભાઈ પટેલના માતા જશુમતીબેન સોમાભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થની અનંત યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સદ્‌ગતનું બેસણું તા.૧૯ ડિસેમ્બર, રવિવારે બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ તેમના નિવાસસ્થાન ૧૦૩, સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨, બાયડ ખાતે રાખેલ છે.



બાયડ તાલુકાના વસાદરા ગામના નિખિલભાઈ પટેલના પિતા એડવોકેટ કમલેશભાઈ લવજીભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. યુવાન એડવોકેટના નિધન બદલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખ એડવોકેટ હીરાભાઈ પટેલ, સિનિયર એડવોકેટ ગોરધનભાઈ પટેલ તેમજ બાયડ બાર એસોસીએશનના સર્વ સભ્યોએ ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી-ફેકલ્ટી દ્વારા 'ફાર્મા એચ.આર.કૉન્કલેવ-૨૦૨૧'નું સફળ આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૧૬

ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલના સહયોગમાં ગણપત યુનિ.ની કૉલેજ - એસ.કે. પટેલ કૉલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન અને રિસર્ચ દ્વારા તાજેતરમાં એક દિવસીય 'યુનીફાર્મા એચ.આર. કોન્કલેવ-૨૦૨૧'નું આયોજન કરવામાં આવ્યું હતું.

'ઈમ્પાવાઈઝીંગ એકડેમિયા વીથ ફ્યુચરિસ્ટિક વિઝન ઓફ ઈન્ડસ્ટ્રી એક્સપેકટેશન' વિષય ઉપરના આ આ એચઆર કોન્કલેવ'માં ૧૬ ફાર્માસ્યુટિકલ કંપની, વિવિધ ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીના ૨૫ જેટલા એચઆર પ્રતિનિધિઓ, કૉલેજના વિદ્વાન પ્રધ્યાપકો તેમજ




૬૦ કરતાંયે વધુ વિદ્યાર્થીઓએ સક્રિય હિસ્સેદારી નોંધાવી હતી.

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ અને એક્સિ. ડીન પ્રો.ડૉ. એસ.એસ. પંચોલીએ કોન્કલેવના ઉદ્‌ઘાટન સમારંભમાં આયોજનની ભૂમિકા સમજાવીનો મહેમાનોનો પરિચય કરાવી સૌના હૃદયપૂર્વક આવકાર્યા હતા.

ગણપત યુનિ.ના પેટ્રેન ઈન ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, ગણપત યુનિ.ના ડાયરેકટર જનરલ અને પ્રો. ચાન્સેલર પ્રો.ડૉ. મહેન્દ્ર શર્મા, ગુજરાત કેમિકલ એસોસિએશનના પ્રમુખ જયમીન વસા, ટ્રોઈકા ફાર્માસ્યુટિકલ કંપનીના એચ.આર. ડિપાર્ટમેન્ટના સીનીયર વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. કે. એમ. રામચંદ્રન, ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. વિરંચી શાહ, ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ ડૉ. મોન્ટુકુમાર પટેલ જેવા મહાનુભાવો કોન્કલેવમાં વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અને પોતાના વકતવ્યો રજૂ કરી, માહિતી - માર્ગદર્શન પૂરા પાડી વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

# આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધનસુરા ખાતે ગીતા જયંતિની ઉજવણી

ધનસુરા, તા. ૧૬

ધી.ડી.પી.સી.બી.એલ




આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે સંસ્કૃત વિભાગના ઉપક્રમે 'શ્રીમદ ભગવદ્ ગીતા જયંતિ' ની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજ ના આચાર્ય ડૉ.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ એ શ્રીમદ ભગવદ્ ગીતા નું પુજન કરી ગીતામાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો તેમજ કર્મ-ભક્તિ અને જ્ઞાન વિશેની વિસ્તૃત સમજ આપી તેમજ F.Y.B.A ની વિદ્યાર્થીની ખુશ્બુબેન ભરતકુમારે ગીતાના વિચારો રજુ કર્યા હતા. ડૉ. પલ્લવીબેન ત્રિવેદી, ડૉ.એમ.વી.દેસાઈ, ડૉ.નિલેષભાઈ જોષી, પ્રા.વી.કે. વણકર તેમજ ડૉ.સી. આર.પટેલ એ શ્રીમદ ભગવદ્ ગીતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ નું સફળ સંચાલન ડૉ. ગોપાલભાઈ પટેલે કર્યું હતું.